## <u>ક્રિ.પ.અ.નં.૨૮૨/'૧૪,નરોડા પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં.૫૨૧૪/'૧૪ ના કામે મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ</u>

(૧) અરજદારની અરજી વંચાણે લીધી તથા રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ વિ.વંચાણે લીધા. અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તથા તેમનો લેખિત શેરો વંચાણે લીધો. ત.ક.અ.શ્રીનો લેખિત રીપોર્ટ વંચાણે લીધો.

(૨) અરજદારે સદર ગુના કામે પોલીસ ધ્વારા કબજે લેવામાં આવેલ મુદ્દામાલનો મોબાઈલ ફોન પરત મેળવવા માટેની અરજી કરેલી છે. અરજદારની સદરહુ અરજીના અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ લેખિત શેરો કરી વાંધો જાહેર કરેલો છે, તેવી જ રીતે ત.ક.અ.શ્રીએ પણ પોતાના લેખિત રીપોર્ટમાં જણાવેલ છે કે અરજદારને મુદ્દામાલ પરત આપવામાં આવે તો ફરીથી ગુનાના કામે ઉપયોગ કરે તેવો સંભવ હોય મુદ્દામાલ હાલના અરજદારને પરત નહિ સોંપવા અરજ કરેલી છે, પરંતુ આ કામે પોલીસે પોતાની તપાસમાં હાલના ગુન્હા સિવાય અન્ય કોઈ ગુન્હા કામે આ મુદ્દામાલના મો.ફોનનો ઉપયોગ થયેલો હોય તેને લગતા કોઈ દસ્તાવેજી આધારો આ કામે રજુ કરેલા નથી. જેથી માત્ર હાલના ગુન્હાના કામે આ મુદ્દામાલના મો.ફોનનો ઉપયોગ થયેલો છે, જેથી તે અરજદારને પરત આપવામાં આવશે તો ફરીથી આવા પ્રકારના ગુન્હામાં ઉપયોગ થશે તેવા અનુમાનને, કોઈ પુરાવા વગર માની શકાય નહિ, તેમ છતાં સદરહુ મુદ્દામાલ પરત આપતા પહેલા પોલીસે જે વાંધો દર્શાવેલો છે તે કડક શરતો લાદીને નિવારી શકાય તેમ છે. વધુમાં પોલીસે પોતાના બચાવ માટેનું કોઈ ખાસ કારણ જણાવેલ નથી કે પુરાવા દરમ્યાન ઓળખ માટે જરૂરી હોય તેવો કોઈ કેસ નથી. હવે પંચનામું તથા મુદ્દામાલ પાવતી જોતાં સદરહુ મુદ્દામાલનો મોબાઈલ ફોન આ કામના અરજદાર/આરોપી પાસેથી કબજે કરેલ છે.વધુમાં અરજદાર તરફે રજુ કરવામાં આવેલા સદર મુદ્દામાલ મો.ફોનને લગતા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં આ મુદ્દામાલનો મોબાઈલ ફોન હાલમાં અરજદારના નામે ખરીદ કરવામાં આવેલો છે અને તેથી અરજદાર તેના રજીસ્ટર્ડ ઓનર છે અને તેના તેઓ એક માત્ર

માલિક છે. તેના બીજા કોઈ કલેમન્ટ નથી. હવે મુદ્દામાલનો મોબાઈલ ફોન જે અરજદારની રોજબરોજની જરૂરિયાતનું અને આજીવિકાનું સાધન છે અને તે ઈલે.ઉપકરણ હોય,લાંબો સમય પો.સ્ટે.માં પડી રહેવાથી તેની બેટરી ઉતરી જવાની સંભાવના રહેલી છે.વધુમાં <u>૨૦૦૩(૧), જી.એલ.એચ.પાન નં.૩૦૭, સુપ્રિમકોર્ટ, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં ના.સુપ્રિમકોર્ટે</u> મુદ્દામાલ પરત આપવા અંગે માર્ગદર્શક સુચના આપેલી છે તેને ધ્યાને લેતાં તેમજ <u>નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૨), જી.એલ.આર.પાન નં.૧૬૭૫ પરસોતમદાસ હરીભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદાને</u> પણ ધ્યાને લેતાં મુદ્દામાલનો મો.ફોન અરજદારને પરત સોંપવો યોગ્ય જણાઈ આવે છે ત્યારે વચગાળાના તબકકે યોગ્ય શરતોને આધીન મુદ્દામાલનો મોબાઈલ ફોન અરજદારને પરત આપવાનું હું ન્યાયી માનું છું. જેથી નીચે મુજબનો હુકમ કરું છું.

<u>હ ુ ક મ</u>

અરજદારની આ અરજી આથી મંજુર કરવામાં આવે છે.

નરોડા પો.સ્ટે. ધ્વારા ફાડવામાં આવેલી મુ.પા.નં.૧૮૩/૧૪, તા.૯/૮/૧૪ માં જણાવેલ મુદ્દામાલ આઈટમ નં.૪ વાળો મો.ફોન, મુદ્દામાલ પાવતીમાં જણાવેલી કિંમતથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો અરજદાર આપેથી સદર ગુનાના કામે કબજે કરેલ મો.ફોન નીચે જણાવેલી શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરૂપે હાલના અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતોઃ–</u>

૧) મુદ્દામાલનો મોબાઈલ ફોન ના.અદાલત ફરમાવે ત્યારે અને ત્યાં વિના વિલંબે અરજદારે તેમના ખર્ચે અત્રેની અદાલતમાં રજુ કરવાનો રહેશે.

૨) આ કેસનો નિકાલ ન થાય ત્યાંસુધી ઉપરોકત મુદ્દામાલનો મોબાઈલ ફોન અરજદારે કોઈને વેચાણ કરવો નહિ કે ટ્રાન્સફર કરવો નહિ કે કોઈના કબજે સોંપવો નહિ કે તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર

કરવો,કરાવવો નહિ.

૩) મુદ્દામાલના મો.ફોનનો હવે પછી કોઈ ગુનાહીત કામે ઉપયોગ કરવો,કરાવવો નહિ.

૪) અરજદારે સદર મુદ્દામાલના મો.ફોનમાં ના.કોટ ની પરવાનગી વગર તેમાં કોઈપણ જાતનો

ફેરફાર કરવો નહીં અને યથાવત સ્થિતિમાં મુદ્દામાલનો મો.ફોન રાખવાનો રહેશે.

૫) અરજદારે બોન્ડ તથા જામીન પો.સ્ટે.માં રજુ કરવાના રહેશે.

હુકમ આજ તા. ૨૨/૯/૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને, વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.સી.ચૌહાણ )
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર ૧૮,અમદાવાદ.
જજ કોડ નં.જીજે૦૦૫૧૬